હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



તું દિવાળીની ખરીદી કરવા જા તો વળતી વખતે બી.પી. ચેક કરવીને જ આવજે... અત્યારે ઘણાંને આવુ થાય છે...

પત્નિને પાછી મેળવવા યુવક પોલીસના શરણે

ગાંધીનગર, તા.૧૫

પ્રેમી-પંખીડાને પરિવારની મંજુરી વિના લગ્ન કરવા ભારે પડ્યા છે. સોશ્યલ મિડીયાના માધ્યમથી યુવક-યુવતિ એકબીજાના પરિચયમાં આવ્યા હતા. દંપતિ રીક્ષામાં બેસીને ખરીદી કરવા માટે જઈ રહ્યા હતા. તે સમયે અચાનક યુવતિના મામા સાથે આવેલા ચાર શખ્સોએ રીક્ષાને ઉભી રખાવી પતિને બાનમાં લઈ કારમાં યુવતિનું અપહરણ કરીને લઈ ગયા છે. પોલીસ મથકે ફરીયાદ નોંધાતા કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર નજીકના ગામમાં રહેતો યુવક ત્રણ વર્ષ અગાઉ સોશ્યલ મિડીયાના માધ્યમથી એક યુવતિના પરિચયમાં આવ્યો હતો.થોડા સમય પછી બંને વચ્ચે પ્રેમના અંકુર ફુટ્યા હતા. ત્યારબાદ મુલાકાત વધતા પ્રેમીઓએ લગ્ન કરવાનું નક્કી કર્યું હતું. જો કે યુવતિના પરિવારને લગ્ન મંજુર ન હતા. જેને પગલે ગત તા.૨-૯-૨૨ ના રોજ ભાગીને અમદાવાદ ખાતે કોર્ટ મેરેજ કરી લીધા હતા. લગ્નના કેટલાક સમય બાદ યુવક-યુવતિ ગાંધીનગર નજીકના ગામડામાં રહેવા માટે આવ્યા હતા. ત્યારબાદ તાજેતરમાં યુવતિના મામા તેમના મિત્ર સાથે યુવકના ઘરે ગયા હતા. પ્રેમલગ્ન અંગે સામાજીક સમાધાન કરવાની વાત કરી નીકળી ગયા હતા. બીજા દિવસે યુવકને ફોન કરી જણાવ્યું હતું કે યુવતિની માતા સાથે અમારે સામાજીક રીતે સમાધાનની વાત થઈ ગઈ છે.

તેઓ રાજી હોવાથી અત્યારે બંન્ને જણા આવો આપણે સમાધાન કરાવી દઈએ. તે રીતે ભાણીને પણ વાત કરી હતી. જેથી યુવતિ એ કલોલ ખરીદી કરવા માટે જઈએ છીએ હાલ અમે વતનમાં નહી આવી શકીએ. જયારે દંપતિ રીક્ષામાં બેસીને કલોલ ખાતે કપડાની ખરીદી કરવા માટે ઉવારસદ-શેરથા માર્ગ પર જઈ રહ્યા હતા. તે સમયે બપોરના પોણા ત્રણ વાગ્યાના અરસામાં રોડ પર એક સફેદ કલરની સ્વીફટ કાર રીક્ષાની આગળ આવી ઉભી રહી ગઈ હતી. જે પૈકીના એક શખ્સે યુવતિને કારમાં બેસી જવા માટે કહ્યું હતું. જેથી યુવતિએ અજાણ્યા શખ્સોને ના પાડી દીધી હતી. તે દરમિયાન યુવતિના મામા આવી પહોંચીને યુવતિને ગાડીમાં બેસી જવા માટે કહેતા યુવતિએ ના પાડતા બળઝબરીથી ગાડીમાં બેસાડી હતી. જેથી યુવકે ગાડી રોકવાનો પ્રયાસ કરતા ચાર શખ્સોએ ઝપાઝપી કરી યુવકને માર મારી યુવતિનું અપહરણ કરી નાસી ગયા હતા. જેથી યુવકે પત્નીને પરત મેળવવા માટે ઘણી શોધખોળ કરી હતી.પરંતુ પત્ની નહી મળતા આખરે પતિએ મામા સસરા સહિત ચાર શખ્સો સામે પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

ખૂણેખાંચરેથી

- ગાંધીનગરમાં બદલીઓનો દૌર યથાવત રહ્યો છે. આજે ગાંધીનગરના અધિક નિવાસી કલેક્ટર રીતુ સિંઘની બદલી ઓડાના અધિક કલેક્ટર પદે કરાઈ છે, જ્યારે તેમના સ્થાને ગાંધીનગરના અધિક નિવાસી કલેક્ટર તરીકે પાટણના જિલ્લા ગ્રામ વિકાસ અધિકારી તરીકે કાર્યરત બી.કે. જોષીને નિયુક્ત કરાયાં છે.
- ગાંધીનગર જિલ્લા કલેક્ટર તરીકે નવ નિયુક્ત પ્રવિણા ડી.કે.એ આજથી તેમનો કાર્યભાર સંભાળી લીધો હતો.
- આગામી વિધાનસભાની ચૂંટણીઓને અનુલક્ષીને શહેરમાં રાજકીય ગતિવિધીઓ તેજ બની છે. આજે છત્તીસગઢના મહેસુલ મંત્રી જયસિંહ અગ્રવાલ જેઓ ગાંધીનગર કોંગ્રેસના ચૂંટણી ઈન્ચાર્જ છે તેમણે મુલાકાત લઈને બુથવાઈઝ કોંગ્રેસે નિમેલા 'જનમિત્ર' સાથે વાર્તાલાપ કર્યો હતો.
- આજે ગાંધીનગર મહાનગર પાલિકાના આઉટસોર્સિંગ કર્મચારીઓને પગાર વધારા સ્વરૂપે મળેલી દિવાળીની ભેટનો મુદ્દો પાટનગરમાં 'ટોક ઓફ ધ ટાઉન' બન્યો હતો.
- ગાંધીનગરની દિકરી અને બોલીવુડ એક્ટ્રેસ અવની મોદી અભિનિત રમૂજી ફિલ્મ ''મોદીજી કી બેટી'' સિનેમાઘરોમાં રજૂ થવા પામી છે.
- દિવાળીના તહેવારને અનુલક્ષીને શહેરના માર્ગો પર વિવિધ ઘર સજાવટની ચીજવસ્તુઓ વેચતા ફેરિયાઓ જોવા મળી રહ્યા છે.
- શહેરના મુખ્ય માર્ગ 'ઘ' રોડ પર ઘ-૫ થી ઘ-૪ તરફ જવાના માર્ગે નવીનીકરણનું કાર્ય ચાલુ હોવાથી તે માર્ગ બંધ કરાતાં વાહનચાલકોને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

સેક્ટર ૨ ખાતે તુલસી વિવાહ યોજાયો હતી જેમાં મોટી સંખ્યામાં ભાવિક ભક્તો ઉપસ્થિત રહ્યા હતા

સેકટર-૭ ડી માંથી તસ્કરો ઉપયોગમાં લેતા હોય તેવા સાધનોની થેલી મળી

ગાંધીનગર,તા.૧૫

શહેરના સેકટર-૭ ડી ખાતે ચોરી કરવા માટે આવેલા તસ્કરો સેન્સર લાઈટને પગલે ઉભી પુંછડીયે ભાગ્યા હોય તેમ લાગી રહ્યું છે. તસ્કરો ચોરી કરવા માટે ઉપયોગમાં લેતા સાધનોની થેલી પણ મકાનની પાળી પર મુકીને જતા રહ્યા છે. બનાવ અંગે મકાન માલિકે બિનવારસી થેલી અંગે પોલીસને જાણ કરી હતી. થેલીમાં બે ડીસીમીસ, બે આરી અને છીંણી હતી. જયારે સેકટર-૭ પોલીસ મથકે મકાન માલિકે અરજી લખી બનાવ અંગે જાણ કરી હતી. જયારે આ વિસ્તારમાં સિનિયર સિટીઝનો રહેત હોવાથી પોલીસ પેટ્રોલીંગ વધુ સઘન બનાવાય તેમ સ્થાનિક નાગરીકો ઈચ્છી રહ્યા છે. મળતી વિગત મુજબ શહેરના સેકટર-૭ ડી પ્લોટ નં.૧૨૨૨-૨ ખાતે મહેશભાઈ રાવલ પરિવાર સાથે રહે છે. જયારે તેઓ નિત્યક્રમ મુજબ સવારે પાંચ વાગે લાફીંગ કલબમાં જવાનુ હોવાથી જાગી જાય છે. જયારે આજે સવારે તેઓએ જોયુ તો પોતાના ઘરની પાળી પર એક પીળા કલરની થેલી પડી હતી.જયારે ગેટની બહાર બિસ્કીટના ટુકડા અને તેના રેપર પડ્યા હતા. જેથી મહેશભાઈને કંઈ અજુગતુ લાગ્યું હતું. જેથી તેમણે થેલીમાં નજર નાંખતા તેમાં ચોરી કરવા માટે ઘરફોડીયા વાપરતા હોય છે તેવા સાધનો નજરે પડ્યા હતા. જેથી મહેશભાઈએ તાત્કાલીક બિનવારસી થેલી અંગે પોલીસને જાણ કરી હતી. જેને પગલે પોલીસ મથકે થી જવાનો આવી થેલી લઈ ગયા હતા. જો કે બનાવ અંગે મહેશભાઈ રાવલે જણાવ્યું હતું કે તેમના ઘર પર સેન્સર લાઈટ નંખાવી છે. જે સાંજ ઢળતા જ કાર્યરત થઈ જાય છે. તેમના ઘરની આસપાસના ૬૦ ફુટથી વધુ વિસ્તારમાં કોઈ વ્યકિત કે કોઈપણ નીકળે તો સેન્સર લાઈટ ચાલુ થઈ જાય છે. જેથી રાત્રીના સમયે ચોર શખ્સો ચોરી કરવા માટે આવ્યા હોય અને સેન્સર લાઈટ શરુ થઈ ગઈ હોય અને તેઓ પોતાના ચોરીના સાધનોની થેલી પણ મુકીને નાસી ગયા હોય તેવી તેઓએ શંકા વ્યકત કરી હતી.

મેડીકલ કોલેજમાં પ્રવેશ માટે યુવતિની દોડાદોડી

ગાંધીનગર, તા. ૧૫

દસ વર્ષથી પાકિસ્તાનથી આવેલો પરિવાર અમદાવાદ જુના વાડજ ખાતે રહે છે.

લતા સોલંકી છેલ્લા દસ વર્ષથી અમદાવાદ વસવાટ કરે છે. તેણીના પરિવારને ભારતીય નાગરીકતા પણ મળી ગઈ છે. જેથી યુવતિએ એમબીબીએસમાં અભ્યાસઅર્થે બી.જે. મેડીકલ કોલેજ અને ગાંધીનગર મેડીકલ કોલેજમાં એડમીશન માટે ફોર્મ ભર્યુ હતુ. ફોર્મ ભરતા સમયે યુવતિએ પુછપરછ કરતા ફોર્મ ભરી શકો છો તેમ જણાવ્યુ હતુ પરંતુ હવે મેડીકલ કોલેજના સત્તાધિશો યુવતિને એડમિશન માટે ડોમિસાઈલ સર્ટી ન હોવાથી એડમિશન આપવાની ના પાડતા પરિવાર ચિંતામાં મુકાયો છે.

ગાંધીનગર જિલ્લા કલેકટર તરીકે કાર્યભાર સંભાળતા પ્રવીણા ડી.કે.

ગાંધી.તા.૧૫

સુશ્રી પ્રવીણા ડી.કે. (આઈએએસ) એ ગાંધીનગર કલેકટર તરીકે હવાલો સંભાળી લીધો છે.

સુશ્રી પ્રવીણા ડી.કે. આ પહેલાં કચ્છ કલેકટર તરીકે ફરજ બજાવતા હતા.

વિશ્વમાં સૌ પ્રથમ એવુ ગાય માતાનું મંદિર ગાંધીનગર નજીકના ભાટ ગામે બનવા જઈ રહ્યુ છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના હસ્તે આ મંદિરનું ભૂમિપૂજન કરવામાં આવશે. ભૂમિ પૂજનની તૈયારીઓ જોરશોરથી ચાલી રહી છે.

ગાંધીનગર ડોકટર ગ્રુપ દ્વારા ક્રિકેટ ટુનાર્મેન્ટનું આયોજન

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગરના ડોકટર ગ્રુપ દ્વારા દર વર્ષે ક્રિકેટ ટુનાર્મેન્ટનું આયોજન કરવામાં આવે છે. ત્યારે ચાલુ વર્ષે પણ ડોકટર ગ્રુપ દ્વારા આ ક્રિકેટ ટુનાર્મેન્ટ યોજાશે. જે અન્વયે તા.૧૩-૧૦-૨૨ ના રોજ સફલ વિદ્યાલય સેકટર-૨૨ ગાંધીનગર ખાતે ગાંધીનગર ડોકટર ગ્રુપ દ્વારા રસપ્રદ રીતે ૭૫ જેટલા પ્લેયરમાંથી પાંચ ટીમ બનાવવામાં આવી છે. આ ઓકશન દરમિયાન ઈન્ડીયન મેડીકલ એસોસિએશન ગાંધીનગરના પ્રમુખ ડો.બંકિમ મોદી ઉપસ્થિત રહ્યા હતા. ક્રિકેટ ટુનાર્મેન્ટમાં ભાગ લઈ રહેલા ડોકટર્સનો ઉત્સાહ વધાર્યો હતો. ઓકશન પ્રક્રિયાનું સુંદર આયોજન ડો.ધવલ પટેલ, ડો.ગૌરવ દેસાઈ, ડો.દેવેન્દ્ર ગોસ્વામી અને ડો.દેવાંગ શાહ દ્વારા કરવામાં આવ્યું હતું.

સરગાસણ ખાતે "ધ હાઈપ કેફે" હુક્કાબાર પર એસઓજીના દરોડા

હુક્કાબારમાંથી ૫૪ હજારનો મુદ્દામાલ કબ્જે કરી પોલીસે માલિક સહિત પાંચ સામે ફરીયાદ

ગાંધીનગર, તા.૧૫

ન્યું સરગાસણ વિસ્તારમાં કામેશ્વર સ્કુલની પાસે ગેરકાયદેસર ચાલી રહેલા "ધ હાઈપ કેફે એન્ડ રેસ્ટ્રો" નામના હુક્કાબાર પર એસઓજી પોલીસે રેઈડ પાડી છે. હુક્કાબારમાંથી વિવિધ ફેલવરના ૧૪૭ નંગ ડબ્બા, ચીલમના હુક્કા નંગ-૮, બે મોબાઈલ, રોકડ રકમ મળી કુલ રૂ.૫૪ હજારથી વધુનો મુદ્દામાલ કબ્જે કરી પાંચ સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર જિલ્લા વિસ્તારમાં યુવા વર્ગને નાશાના રવાડે ચઢતા અટકાવવા નશાની ગેરકાયદેસર પ્રવૃતિ અંગે માહિતી મેળવી કાયદેસરની કાર્યવાહી કરવા માટે ગાંધીનગર રેન્જ આઈજીપી અભય ચુડાસમા અને જિલ્લા પોલીસ વડા તરૂણ દુગ્ગલની સુચનાથી સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપના પીઆઈ વી.ડી.વાળા તેમજ આર.આર.પરમાર સક્રિય થયા હતા. એસઓજી હેડ કોન્સ્ટેબલ સુરેન્દ્રસિંહ વિજયસિંહને બાતમી મળી હતી કે સરગાસણ ખાતે આવેલી કામેશ્વર સ્કુલની સામે યુવરાજસિંહ ઝાલા નામનો શખ્સ "ધ હાઈપ કેફે એન્ડ રેસ્ટ્રો" નામનું હુક્કાબાર ચલાવે છે. જેમાં ગેરકાયેદસર રીતે હર્બલ ફલેવરની અંદર નિકોટીન યુકત ફેલવર એડ કરી હુક્કાબારનો ધંધો કરે છે. જેમાં ગ્રાહકો હુક્કાબારમાં બેસીને હુક્કો પીવે છે. જેથી પોલીસે દરોડો પાડી હુક્કાબારના સંચાલક નવનીત સંદિપ કદમ (રહે.સી-૧૭ સર્વોતમ નગર અવની ભવન પાસે ચાંદખેડા), અંકિત દિપક અગ્રવાલ (રહે. કે-૧૨ ઘનશ્યામનગર સોસાયટી કલેકટર કચેરી સામે સુભાષબ્રીજ), અબ્દુલ બારીક અને ઈનામ અબ્દુલહનન (રહે.બંન્ને કેફેની ઓરડીમાં) ની ધરપકડ કરી હતી. જયારે હુક્કાબારમાંથી ચીલમના હુક્કા નંગ-૮, વિવિધ ફલેવરના પેકેટ નંગ-૧૪૭, હુક્કામાં લગાવવાની પ્લાસ્ટીકની પાઈપો, એલ્યુમિનિયમ ફોઈલનો રોલ નંગ-૫, એક લોખંડની કોલસા ઝારવાનો ઝારો, ચિલમમાં કોલસા ભરવા માટેનો ચીપીયો, કેશ કાઉન્ટરમાંથી રોકડ રૂ.૩૧૫૦ તેમજ બે મોબાઈલ ફોન સહિત રૂ.૫૪,૫૨૦ નો મુદ્દામાલ કબ્જે કરી ઈન્ફોસીટી પોલીસ મથકે ગુનો નોંધાવી વધુ તપાસ હાથ ધરી છે.

રહસ્ય રોમાંચ અને પ્રણયનો ત્રિવેણી સંગમ એટલે "બાગડ-બિલ્લા"

ગાંધીનગર, તા. ૧૫

માધવ મોશન પિક્ચરના બેનર તળે બનેલી ગુજરાતી ફિલ્મ "બાગડ-બિલ્લા"ના નિર્માતા ભાવિન માંડવિયા અને જીજ્ઞેશ માંડવિયા છે.

રહસ્ય-રોમાંચ અને પ્રણયના સંગમ સ્વરૂપ ફિલ્મ "બાગડ-બિલ્લા"ના લેખક-ભાવિન માંડવિયા અને મૌલીન પરમાર છે. ફિલ્મમાં ચેતન ધનાણી, જોલી રાઠોડ, ઓજસ રાવલ, ચેતના દૈયા અને દિનેશ લાંબા જેવા કલાકારોને ડિરેક્ટર સચિન બ્રહ્મભટ્ટે ડિરેક્ટ કર્યા છે.

મૌલીન પરમારનાં ગીતોને પ્રજવલ, પરમ, વૃષાંકનાં સંગીતમાં જીગરદાન ગઢવી, જોલી રાઠોડ અને ચેતન ધનાણીએ સ્વર આપ્યો છે. 'બાગડ-બિલ્લા' ફિલ્મ એક કેબ ડ્રાઈવર ચિરંજીવ ઉર્ફે ચિરૂને એક છોકરી મળે છે અને એની સાથે પ્રેમ થઈ જાય છે, એક રાત્રે તે આફતમાં ફસાય છે અને શરૂ થાય છે રહસ્ય...રોમાંચ..ને પ્રણયની અણધારી કહાની.

કથા-નિર્માણ ને દિગ્દર્શનની કસોટીમાંથી પસાર થઈ "બાગડ-બિલ્લા" આ દિવાળીના તહેવારોનાં મનોરંજનરૂપી બોનસ આપવા તૈયાર છે.

સેક્ટર-૧૬માં નિવૃત સરકારી અધિકારીઓ કર્મચારીઓનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો હતો. આ અવસરે જૂના હિન્દી-ગુજરાતી ફિલ્મી ગીતોનો કાર્યક્રમ યોજાયો હતો એને કર્મચારીઓએ મનભરીને માણ્યો હતો.

ગાંધીનગર રોટરી ક્લબ દ્વારા પરિપૂર્ણ જીવન પર વક્તવ્ય યોજાયુ

ગાંધીનગર,તા.૧૫

રોટરી ક્લબ ઓફ ગાંધીનગર મહિનામાં બે વાર સારા સ્પીકર ને આમંત્રિત કરીને અલગ અલગ વિષય પર વ્યાખ્યાન યોજવામાં આવતા હોય છે.૧૪ ઓકટોબર ના રોજ રોટરી ફીઝીયોથેરાપી સેન્ટર સેકટર ૨૨ ખાતે **Way of accomplished life** પર વ્યાખ્યાન યોજવામાં આવ્યુ હતું. તેમાં સ્પીકર તરીકે શ્રી હરેશ પટેલ **(Director - Gnosis Enrichment and Management)** દ્વારા ખુબ જ સારા ઉદાહરણ આપીને પરિપૂર્ણ જીવનનો માર્ગ વિષે માહિતગાર કર્યા હતા..

રોટરી ક્લબના સભ્યો મોટી સંખ્યામાં હાજર રહી ને વ્યાખ્યાન ને માણ્યુ હતું.રોટેરીયન કિરણ પટેલે સર્વ આયોજન કર્યું હતું.

શ્રી હરેશ પટેલ નું સ્વાગત જશવંત ગાંધી દ્વારા કરવામાં આવ્યુ હતું. રોટરી ક્લબ ઓફ ગાંધીનગર ના પ્રમુખ જગદીશ પટેલ અને સેકેટરી પારસ ઉચાટ દ્વારા સૌનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

પ્રાથમિક શિક્ષક, વિદ્યા સહાયક, મુખ્ય શિક્ષકોના બદલી કેમ્પ ની તારીખો જાહેર

જિલ્લામાં આંતરિક બદલી કેમ્પ ૨૦ ઓક્ટોબર થી ૨૯ ઓક્ટોબર સુધી યોજાશે

ગાંધીનગર,તા.૧૫

પ્રાથમિક શિક્ષક, વિદ્યા સહાયક, મુખ્ય શિક્ષકોના બદલી કેમ્પની તારીખો શિક્ષણ મંત્રી જીતુભાઈ વાઘાણી દ્વારા ભાવનગર ખાતે પત્રકાર પરિષદ બોલાવીને જાહેર કરવામાં આવી હતી. જેમાં પ્રાથમિક શિક્ષક વિદ્યા સહાયકનાં વધ-ઘટ કેમ્પ, શિક્ષકોના જિલ્લામાં આંતરિક અરસપરસ બદલી કેમ્પની તારીખો, જિલ્લા આંતરિક ઓનલાઈન ફેર બદલી કેમ્પની તારીખો અને જિલ્લા ફેર બદલી કેમ્પની અંગે જણાવવામાં આવ્યું હતું.

પત્રકાર પરિષદમાં શિક્ષણ મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે શિક્ષણ વિભાગના તા. ૧૪/૧૦/૨૨ ના ઠરાવથી સુધારા બદલી નિયમો પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે. શિક્ષણ વિભાગના તા ૧/૪/૨૨ અને ૧૪/૧૦/૨૨ ના બદલી ઠરાવની જોગવાઈઓને આધીન પ્રાથમિક શિક્ષક, વિદ્યા સહાયકના વધ-ઘટ કેમ્પ, જિલ્લા આંતરીક અરસ-પરસ બદલી કેમ્પ, જિલ્લા આંતરીક ઓનલાઈન બદલી કેમ્પ અને જિલ્લા ફેરબદલી કેમ્પ ની તારીખો જાહેર કરવામાં આવી હતી

વધ-ઘટ કેમ્પ અને જિલ્લા આંતરિક અરસપરસ કેમ્પ તા. ૨૦-૧૦-૨૦૨૨ થી ૨૯/૧૦/૨૨ જાહેર રજા સિવાય ના દિવસોમાં, જિલ્લા આંતરિક બદલી (ઓનલાઈન) પ્રથમ તબક્કો તા. ૨/૧૧/૨૨ થી ૨૦/૧૧/૨૨, જિલ્લા આંતરિક બદલી (ઓનલાઈન) બીજો તબક્કો તા.૨૩/૧૧/૨૨ થી ૨/૧૨/૨૨, જિલ્લા ફેર બદલી કેમ્પ તા. ૬/૧૨/૨૨ થી ૮/૧૨/૨૨ તેમજ મુખ્ય શિક્ષકોના જિલ્લા ફેર અરસ-પરસના હુકમો તા. ૨/૧૦/૨૨ થી તા. ૨૯/૧૦/૨૨ જાહેર રજા ના દિવસો સિવાયના દિવસોમાં આપવામાં આવશે.

શિક્ષણ વિભાગના આ નિર્ણયથી જે શિક્ષકો પરિવારથી દૂર જિલ્લામાં નોકરી કરતા હોય છે તેમણે પસંદગીનો જિલ્લો મેળવવામાં ફાયદો થશે ત્યારે શિક્ષણ વિભાગ દ્વારા તા ૧૪/૧૦/૨૨ ના ઠરાવથી તેઓને નજીકના જિલ્લા પસંદ કરવા માટેની તક મળશે

ગાંધીનગરમાં 'મોદી @20: સપના થયા સાકાર' પુસ્તકનું લોકાર્પણ

ગાંધીનગર,તા.૧૫

'મોદીજ૨૦: ડ્રીમ્સ મીટ ડિલિવરી' પુસ્તકનું ગુજરાતી સંસ્કરણ 'મોદીજ૨૦: સપના થયા સાકાર'નું ૧૭મી ઓક્ટોબર, ૨૦૨૨ના રોજ ગાંધીનગર ખાતે કેન્દ્રીય સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથસિંહ, ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં વિમોચન કરશે. આ પ્રસંગે કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી શ્રી અનુરાગ ઠાકુર પણ ઉપસ્થિત રહેશે.

પુસ્તકમાં રાષ્ટ્રીય-વૈશ્વિક કક્ષાના વિવિધ બિંદુઓ ઉપર કુલ પાંચ વિભાગો છે. જેમાં ભારતના ગૃહ-સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહ, વિદેશ મંત્રી શ્રી એસ. જયશંકર, રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર શ્રી અજિત ડોભાલ, અર્થશાસ્ત્રી શ્રી અરવિંદ પનગઢિયા, અભિનેતા શ્રી અનુપમ ખેર, બ્યુરોક્રેટ્સ શ્રી નૃપેન્દ્ર મિશ્રા, પર્યાવરણવિદ અને આધ્યાત્મિક ગુરુ શ્રી સદગુરુ, ભારતરત્ન સ્વ. ડૉ. લત્તા મંગેશકરજી, સમાજસેવિકા શ્રી સુધા મૂર્તિ અને બેડમિન્ટન સ્ટાર શ્રી પી.વી. સિંધુ સહિત વિવિધ ક્ષેત્રના ૨૨ પ્રબુદ્ધો દ્વારા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સફળ નેતૃત્વના વિવિધ પાસાઓ પ્રસ્તુત કરાયા છે.

વેચવાનો છે

૪ BHK બંગલો
સરગાસણ
ફર્નીચર કામ ચાલુ છે
મોબાઈલ :
૯૮૨૫૯૫૩૩૬૩

સુવર્ણ તક

ધો-૧૦/૧૨, કોલેજ
એન્જીનીયરીંગ નાપાસ
વિદ્યાર્થીઓ માટે સુવર્ણ તક
હવે તમારો અભ્યાસ પૂર્ણ
કરો ટુંક જ સમયમાં
સંપર્ક :
૯૪૨૬૨૨૪૬૬૯